**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**

*Conducted*

**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

**૧૨ જાન્યુઆરી ૨૦૨૦** **શ્રેણી – ૧૯** **કુલ ગુણ:૧૦૦**

**સમય: સવારે ૯ થી ૧૨.** **મહિલા મંડળ**

**પ્રશ્ન:૧ સામાયિક-પ્રતિક્રમણ-કર્મગ્રંથ-2ના આધારે... [૨૦]**

**(અ) સામાયિક – પ્રતિક્રમણના આધારે... (૧૦)**

**(ક) નીચેના શબ્દોનું માગધી લખીને કયા પાઠમાં આવે છે તે લખો. (૬)**

(૧) વિશેષ માનવા યોગ્ય (૨) ચાર કાળ (૧.૫×૪)

(3) વગર પોંજ્યે શરીર ખંજવાળવાથી (૪) છાંટા પડતા હોય તેવી ભિક્ષા લેવાથી

**(ખ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (૪)**

(૧) જિનમાર્ગને અન્ય માર્ગ માનવો તે મિથ્યાત્વ કેવી રીતે? (૨×૨)

(૨) પરિગ્રહ અને લોભમાં શું ફરક છે?

**(બ) કર્મગ્રંથ – ૨ના આધારે... (૧૦)**

(૧) ઓઘ બંધ એટલે શું? તેમાં કેટલી પ્રકૃતિ હોય છે? નામ કર્મ અને દર્શનાવરણીય કર્મની પ્રકૃતિ કેટલી? (૨)

(૨) નીચેની પ્રકૃતિઓ કયા ગુણસ્થાન સુધી બંધાય? બંધવિચ્છેદ ક્યારે? (૫)

(૧) દેવ ગતિ (૨) અસ્થિર નામ (3) અપર્યાપ્તા (૪) નિદ્રાનિદ્રા (૫) જુગુપ્સા

(3) સાધ્વીજીને મન:પર્યવ જ્ઞાનાવરણીય બંધાય કે નહીં? કેટલા ગુણસ્થાન સુધી? (૧×3)

(૪) પહેલા ગુણસ્થાને આહારક શરીર બંધાય? શા માટે?

(૫) પાંચમા ગુણસ્થાને મનુષ્ય ગતિનો બંધ કેમ નથી?

**પ્રશ્ન:૨ આચારાંગ સૂત્રના આધારે... [૫]**

(૧) કર્મ શરીરનો નાશ કોણ કરે છે? (૧)

(૨) શસ્ત્રરૂપ શું છે? અશસ્ત્રરૂપ શું છે? (૧)

(3) સૂત્ર સમજાવો : (૧) જે ગુણે સે આવટ્ટે, જે આવટ્ટે સે ગુણે| (3)

(૨) સંધિં લોયસ્સ જાણિત્તા|

(3) સે અસઈ ઉચ્ચા ગોએ, અસઈ નીયાગોએ |

**પ્રશ્ન:3 ઠાણાંગ સૂત્રના આધારે... [૧૦]**

(૧) ભક્ત કથા કેટલા પ્રકારની છે? કઈ કઈ? તેમાંથી ત્રીજી સમજાવો. (૨×૫)

(૨) લોકમાં કયા ચાર સ્થાન સમાન કહ્યા છે?

(૩) ચાર પ્રકારના શૂરમાં કોણ કયા શૂર છે?
(૪) ઉરગ જાતિના આશીવિષનો પ્રભાવ લખો. અર્ધ ભરત પ્રમાણ શરીર કોણ ફેલાવી શકે છે?
(૫) ચાર પ્રકારના પુરુષમાં કોણ કોના જેવી દીક્ષા પાળે છે? માત્ર વ્યક્તિ અને પ્રાણીના નામ લખો.

**પ્રશ્ન:૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે... [૧૦]**

(૧) મલ્લિ અરિહંત.........ઊંચા હતા. તેમના શરીરનો રંગ......... સમાન......... હતો. ......... વર્ષ ગૃહવાસમાં રહ્યા. (૨×૫)
(૨) કુંભ રાજાએ સોનીઓને શા માટે દેશનિકાલ કર્યો?
(૩) ચિત્રકારે કોનું ચિત્ર બનાવ્યું? દેશનિકાલ કર્યા પછી તે કઈ નગરીના કયા રાજાના રાજ્યમાં ગયો? તે રાજા પૂર્વભવમાં કોણ હતા?
(૪) ચોક્ષા પરિવ્રજિકા કયા રાજ્યમાં રહેતી હતી? તેને કેટલું જ્ઞાન હતું? તે કોને શેનો ઉપદેશ આપવા આવી હતી?
(૫) મહાબલ રાજાએ દીક્ષા લીધા પછી કેટલો અભ્યાસ કર્યો? તેમણે કરેલ ઉગ્ર તપના નામ લખો.

**અથવા**

**પ્રશ્ન:૪ નિરયાવલિકા સૂત્રના આધારે... (૨×૫)**

(૧) કાલકુમાર કોણ હતા? તેમનું વર્ણન કયા આગમમાં છે? તે અંગ છે કે ઉપાંગ?
(૨) ચેલણા રાણીને શું દોહદ ઉત્પન્ન થયો? જન્મ પછી તેણે બાળકનું શું કર્યું?
(૩) કાલકુમાર ............ પૃથ્વીના ............. નામક ........... , ............ રૂપે ઉત્પન્ન થયા.
(૪) કાલકુમાર અને રથમમુશલ સંગ્રામ વિશે લખો.
(૫) ચેટક રાજાએ કોની સાથે યુદ્ધ કર્યું? તેમની પાસે સૈન્ય કેટલું હતું?

**પ્રશ્ન:૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે... [૧૦]**

(૧) દેવે માતાની બાબતમાં ચૂલણીપિતાને શું કહ્યું? (૨×૫)
(૨) પ્રાયશ્ચિત્ત માટે માતાએ ચૂલણીપિતાને શું કહ્યું?
(૩) ........... નગરીમાં ............ નામનું ઉદ્યાન હતું. .......... રાજા હતા. તે નગરીમાં .......... નામના ગાથાપતિ હતા.
(૪) ચૂલણીપિતાએ કેટલા વર્ષ શ્રાવકધર્મનું પાલન કર્યું? તેમનું ભવિષ્ય શું? તેઓ હાલ ક્યાં છે?
(૫) દેવે ચૂલણીપિતાને કોને કોને મારી નાખવાની ધમકી આપી?

**(બ) અંતગડ સૂત્રના આધારે... [૧૦]**

(૧) છ અણગારના વક્ષસ્થળ પર શું હતું? તેમના માથાના વાળ કેવા હતા? (૨×૫)
(૨) હરિણગમૈષી દેવે કૃષ્ણ વાસુદેવને શું કહ્યું?
(૩) દ્વારિકા નગરીમાં ........... બ્રાહ્મણ રહેતો હતો. .......... પત્નીનું નામ હતું. ........... નામની કન્યા હતી. તે .......... યાવત્ રૂપવતી હતી.
(૪) ભગવાનના વચનો સાંભળીને ગજસુકુમારને શું ઉત્પન્ન થયું? તેમણે ભગવાનને શું કહ્યું?
(૫) દીક્ષા અંગીકાર કરીને ગજસુકુમાર ક્યાં ગયા? ત્યાં જઈને તેમણે શું કર્યું?

**પ્રશ્ન:૬ દશવૈકાલિક સૂત્રના આધારે... [૧૫]**

**(અ) ગાથા પૂર્ણ કરો. (અન્વયાર્થ નહીં માત્ર ભાવાર્થ) (૬)**

(૧) જહાહિઅગ્ગી ........ (૨) નાણમેગ્ગચિત્તો ય ...........

**(બ) નીચેની ગાથાનો માત્ર ભાવાર્થ લખો.** **(3)**

(૧) કિં પુણ જે સુયગ્ગાહી અનંતહિય કામએ|
આયરિયા જં વએ ભિક્ખુ, તમ્હા તં નાઈવત્તએ ||
(૨) મુહુત્તદુક્ખા હુ હવંતિ કંટયા, અઓમયા તેડવિ તઓ સુઉદ્ધરા |
વાયા દુરુત્તાણિ દુરુદ્ધરાણિ, વેરાણુબંધીણિ મહબ્ભયાણિ ||

**(ક) માગ્યા પ્રમાણે જવાબ આપો.** **(૬)**

(૧) વિનય સમાધિ કેટલા પ્રકારની છે? કઈ કઈ? (૨)
(૨) આચારનું પાલન શા માટે કરવું જોઈએ? તેનાથી શું મળે? (૧×૪)
(3) ચારિત્રનો નાશ શા માટે થાય છે?
(૪) જીવ શેના ગૂઢ તત્ત્વોને જાણીને સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે?
(૫) શું ધારણ કરવાથી સાધુ હોય છે? શું ધારણ કરવાથી અસાધુ હોય છે?

**પ્રશ્ન:૭ ભગવતી સૂત્રના આધારે...** **[૧૦]**

(૧) કયા દ્રવ્ય સ્વભાવમાં હોય અને કયા દ્રવ્ય વિભાવમાં હોય? (૨)
(૨) વીર્યચારના કેટલા ભેદ છે? કયા કયા? (૨)
(૩) નીચેના બોલ કયા આચારમાં આવે છે? (૧)
(૧) ઉપધાન (૨) ઉપબૃંહણા
(૪) સૌથી ઓછા આત્મા કયા છે? શા માટે? (૧)
(૫) આઠે આઠ આત્મા કોને કોને હોય? (૨)
(૬) સિદ્ધમાં ........... વીર્ય છે પણ ............. વીર્ય નથી. આત્મામાં ............. હોય તેને ............. વીર્ય કહેવાય. (૨)

**પ્રશ્ન:૮ પ્રજ્ઞાપના સૂત્રના આધારે...** **[૧૦]**

(૧) સ્વસ્થાન અને ઉપપાત એટલે શું? સંપૂર્ણ લોકમાં કોના સ્વસ્થાન અને ઉપપાત હોય? (૨)
(૨) કયા જીવોના સ્વસ્થાન, સમુદઘાત અને ઉપપાત લોકના ઘણા અસંખ્યાતમાં ભાગમાં હોય? (૧×૩)
(૩) સંપૂર્ણ લોકમાં જેની સમુદઘાત હોય તેવા ગર્ભસ્થ જીવો કયા અને ક્યારે હોય?
(૪) સાતમી નરકના નારકીના સ્વસ્થાન અને સમુદઘાત ક્યાં હોય?
(૫) બ્રહ્મ દેવલોકના દેવને કઈ કઈ યોનિ હોય? (૧.૫)
(૬) અયોનિવાળા જીવો વધારે કે સંવુડા યોનિવાળા જીવો? શા માટે? (૧)
(૭) સર્વ સંસારી જીવોની માતાને કઈ યોનિ હોય? (૧)
(૮) માત્ર મનુષ્યાણીમાં હોય એવી યોનિ કઈ? (૧.૫)

**|| જય જિનેન્દ્ર ||**